# ઉત્થાન

॥ तमसो मा ज्योतिर्गमय ॥

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

(Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૨ | નવેમ્બર-ડિસેમ્બર -૨૦૦૯ | ❊ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/- | ❊ છુટક નકલ રૂ. ૫/- | સળંગ અંક : ૧૭



❊ **તંત્રીશ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોષી

❊ **મદદનીશ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

❊ **સહ તંત્રીશ્રીઓ :**
ડૉ. જી. સી. કાછીઆ (આમંત્રિત)
પ્રા. વિજય પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી.ડી. જોષી

❊ **વિદ્યાર્થી સંપાદકો :**
ફરહાનાબાનુ દિવાન
પ્રતિક્ષા પ્રજાપતિ
મૌલિક પટેલ
શાવલિયા શૈલેષ
બારોટ ભૂમિકા
પટેલ ધ્રુવિબેન
પટેલ તુલસી

❊ **પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮ ૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

**Website :**
www.petladcollege.com


**તંત્રીશ્રીની કલમે....**

## Choice Based Credit System (CBCS)

કોલેજમાં ભણતો વિદ્યાર્થી જ્યારે પ્રવેશ મેળવે ત્યારે તેને પસંદગીના વિષયો સાથે કેટલાંક ઓછા પસંદ અથવા નાપસંદ હોય તેવા વિષયો પણ ભણવા પડે છે, કારણકે પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં જૂથ આધારિત વિષય પસંદગી છે. અર્થાત્ જે તે કોલેજમાં ચાલતા વિષયો પૈકી નક્કી કરવામાં આવેલા જૂથ (ગ્રુપ) ના વિષયોમાંથી મુખ્ય, પ્રથમ ગૌણ, દ્વિતીય ગૌણ વગેરે વિષયોમાંથી પસંદગી કરવાની હોય છે. આ પ્રકારની પસંદગીમાં જે વિદ્યાર્થીને મનપસંદ વિષય ઉપરાંત જૂથમાં આવતા ઓછા પસંદ હોય તેવા અથવા નાપસંદ હોય એવા વિષયો મને કે કમને ભણવા પડતાં હોય છે. આ પ્રક્રિયા યુનિવર્સિટી અને કોલેજની વ્યવસ્થાના ભાગરૂપે હોય છે.

પરંતુ, યુ.જી.સી. ના માર્ગદર્શન મુજબ દરેક યુનિવર્સિટીએ CBCS નો અમલ કરવો પડશે, તે અંતર્ગત વિદ્યાર્થીઓને પોતાને માત્ર પસંદ હોય એવાજ વિષયો ભણવાની છૂટ મળશે. જે ખરેખર વાજબી છે. CBCS એટલે પસંદગી આધારિત ગુણાંક (ક્રેડીટ) પધ્ધતિ. જેમાં વિદ્યાર્થીઓને તેના કોલેજકાળના અભ્યાસ અંતર્ગત મનપસંદ વિષયો સાથે લઘુત્તમ જરૂરી ક્રેડીટ (ગુણાંક) મેળવી (Earn કરીને) સ્નાતક પદવી મેળવવાની વ્યવસ્થા છે; જેમાં વિદ્યાર્થીને અભ્યાસ કરવાની વધુ સારી તક સાંપડશે. યુ.જી.સી. ના માર્ગદર્શન મુજબ વિદ્યાર્થીઓને 'કાફેટેરિયા એપ્રોચ' મુજબ વિષયો ભણાવવા જોઈએ. અર્થાત્ એક મનગમતા વિષય સાથે બીજો નાગમતો હોય તેવો વિષય બળજબરીથી ભણાવવો જોઈએ નહીં. ઉદાહરણ તરીકે હોટલમાં આપણે જમવા જઈએ ત્યારે આપણી ઈચ્છા મુજબની વાનગી મંગાવવાની છૂટ હોય છે. ઢોંસા સાથે ઈડલી ખાવી જ પડે એવું કોઈજ જગ્યાએ હોતું નથી. એમ અભ્યાસની બાબતમાં પણ એવું જ હોવું જોઈએ. વિદ્યાર્થીઓ સામે ઘણાબધા વિષયોની પસંદગી હોવી જોઈએ. જેમાંથી વિદ્યાર્થી પોતાને મનગમતો વિષય પસંદ કરી, અભ્યાસ કરી સ્નાતકની ડીગ્રી મેળવી શકે. તો વિદ્યાર્થીને પણ અભ્યાસ કરવાની મઝા આવે. અને તે રસપ્રદ રીતે અભ્યાસ કરી શકે. અને શિક્ષણ પ્રથા-પરીક્ષા વ્યવસ્થાના કેટલાંક દૂષણો આપોઆપ નેસ્તનાબૂદ થઈ જાય.


email : vsjoshi69@rediffmail.com.

## પૈસો એક માર્ગ છે, મંજિલ નથી, મંજિલ છે સુખ અને સમાનતા

આ દુનિયામાં પ્રેમ, સ્વપ્ન, વિવાદ અને ફેન્ટસી જે ચીજની આજુ બાજુ સૌથી વધુ ફરે છે ધન. ધન **સુખ છે, આરામ છે, ધન ખુશીયોનો માર્ગ ખોલે છે,** ધન ઘણુંબધુ છે, પરંતુ બધુ જ નથી, તે એક માર્ગ છે, મંજિલ નથી, **જોકે માર્ગ કંઈ ઓછો મહત્વનો ન હોય,** આપણે વધુ ને વધુ સંપત્તિ ભેગી કરવા માગીએ છીએ અને પાછા તે કોઈસાથે વહેંચવા પણ તૈયાર નથી હોતા. આને કારણે જ આપણે ત્યાં બીજું દર્શન વિકસ્યું છે. જે એક ખાસ વર્ગને શીખવે છે કે સંતોષ પરમ સુખ એટલે કે જીંદગીમાં સૌથી મોટું સુખ છે. **જોકે માત્ર સંતોષની વાત કરી દેવાથી સંતોષ મળી જતો નથી.**

નાના શહેરોના જે મદયમ વર્ગના પરિવારોમાં જેનું પાલન પોષણ થયુ ત્યાં પણ આજ માનસિકતા હતી. પૈસાના મામલે આપણું વલણ બેવડું હોય છે. એક તરફ ધનને તમામ ખરાબીઓનું મુળ માનવામાં આવે છે, પરંતુ બીજી તરફ તમામ સબંધો અને તમામ સુખ-દુઃખના પાયામાં પૈસા જ હોય છે. આપણે બે રૂપ, બે ચહેરા ધરાવીએ છીએ, આ બે રૂપ વચ્ચેનો અંતવિરોધ બહુ ઊંડો છે. આ અંતવિરોધને સમજવા માટે **આપણી અંદર વૈચારિક સ્પષ્ટતા બહુ જરૂરી છે.** ધન વિના આપણું ચાલવાનું નથી, છતાં ધન પ્રત્યેની ઘેલછા પણ યોગ્ય નથી. **ધન કમાવું જોઈએ, પરંતુ તેના પ્રત્યે સંયમ રાખતા પણ આવડવું જોઈએ.** પૈસા વિના કોઈ કામ કરવાનો શું અર્થ ? લેખનમાં પૈસા નથી એટલે નથી, એટલે લોકો તે તરફ પ્રેરાતા નથી. સારી ડોક્યુમેન્ટરી ફિલ્મનો અભાવ કેમ છે ? પૈસા વિના જીવન ચાલી શકે નહીં. શું દરિદ્રિતા કોઈ મહાન અને પૂજનીય ચીજ છે અને ધન નિંદનીય છે.

ના, આ બંન્ને વિચારો આત્યંતિક છે, પરંતુ **આપણી નૈતિકતા અને વિવેકથી આપણે આપણી લક્ષ્મણ રેખા ખેંચવાની હોય છે.** ધન હોય, પરંતુ તેની બેહદ બરબાદી અને દેખાડો ન હોય, ધન જયારે **એ હદ પાર કરી જાય છે ત્યારે અશ્લીલ રૂપ ધારણ કરી લે છે,** એ ચિંતાનો મુદ્દો બની જાય છે. આ વ્યથીત કરનાર બાબત છે અને આવું થવા છતાં પણ કોઈ વ્યથિત ન થાય તે **વધારે ચિંતનીય-નિંદનીય છે.**

પૈસાને તમામ ખરાબીઓનું મૂળ કહેતા દર્શને પણ ભૂલવુ ન જોઈએ કે **દુનિયાના તમામ દુઃખોનું કારણ પણ પૈસા છે. દરીદ્રતામાં ઈશ્વર વસતો નથી,** ત્યાં તો નિરક્ષરતા, અપરાધ, કુંઠાઓ અને બીમારીઓનો વાસ હોય છે. **ગરીબી તમને સાધારણ માણસ પણ રહેવા દેતી નથી,** પરંતુ સામે ધનનું અતિશય અશ્લીલ રૂપ પણ માણસ રહેવા દેતું નથી. એટલે બુદ્ધના મદયમ માર્ગની સાથે-સાથે એક એવી વ્યવસ્થાની જરૂર છે, જેમાં કોઈ નિયમ, સંયમ અને શિસ્ત હોય, જે મનુષ્ય પેદા કરે, જે ન તો ગરીબ હોય ન ઉકેલો અમીર.

આપણે એક એવી વ્યવસ્થા ઉભી કરીએ જેમાં ઉપરથી નીચે સુધી બધાને **સમાન ધોરણે શિક્ષણ અને ધન કમાવવાની તક મળે.** કહેવાનો અર્થ એ છે કે બધાને એકજ તલવાર આપવામાં આવે, પછી કોઈ પોતાની પ્રતિભા અને મહેનતથી તેનો નવીન રીતે ઉપયોગ કરે તો તેની યોગ્યતા હશે. બધાને સમાન તક મળે તો જ આપણને મહેનતથી કમાયેલા વધારાના નાણાંના બચાવમાં કોઈ દલીલ કરવાનો નૈતિક અધિકાર મળી શકે.

વિદેશમાં લોકો પૈસા કમાય છે તો **ઉપયોગ આરામમાં કરે છે.** તેમાં બચતની વૃત્તિ નથી હોતી. આપણે ત્યાં **બચતનો પહેલો વિચાર થાય છે.** આપણામાં જે ચાર પેઢી માટે ધન સંઘરી રાખવાની વૃત્તિ છે, તેમાંથી છુટકારો મેળવવાની જરૂર છે. **આપણે કદી ન ભુલીએ કે ધન એક માદ્યમ છે,** તે લક્ષ્ય નથી. માનસિક શાંતિ, સુખ સર્જનાત્મકતા, જ્ઞાન નૈતિકતા અને આપણા સૌનું સુખ અને સમાનતા જ લક્ષ્ય છે આપણો **ઉદ્દેશ હંમેશાં પૈસા કરતાં ઊંચો હોવો જોઈએ.** પૈસો દુનિયાની તમામ ખરાબીઓનું મૂળ નથી, પરંતુ પૈસા તમામ સુખનસ મંજીલ પણ નથી, તે માત્ર એક માર્ગ છે, જે મંજીલ તરફ લઈ જાય છે, જેમાં સુખી, સંતોષ અને સમાનતા છે.

**- પરેશ આર. પટેલ (પેટલાદ,કોલેજ)**
આપણનો સુજાવ મોકલશો.
pareshsai@yahoo.co.in

## "હું અને ઈશ્વરનો સાક્ષાત્કાર"

"ઈશ્વર" કે " પરમેશ્વર" નો સાચો અર્થ પરમ પિતા એવા ઈશ્વર એવો થાય છે. 'ઈશ્વર આ શબ્દથી આપણે પરિચિત જ છીએ. ઈશ્વરના અલગ-અલગ નામો માનવ દ્વારા રાખવામાં આવ્યા છે. કૃષ્ણ, ઈસુ, કે અલ્લાહ'

મિત્રો, ક્યારેય તમે વિચાર્યુ છે કે ઈશ્વરનો સાક્ષાત્કાર કેવી રીતે થાય ? ઈશ્વર તરફથી મળતાં સંકેતો શુભ કે અશુભ કેવી રીતે હોઈ શકે ?

પરમેશ્વરને નિહાળવા માટે કે સાક્ષાત્કાર કરવા માટે મંદિર, મસ્જિદ કે ગુરુદ્વારામાં જવાની જરૂર હોતી નથી. ઈશ્વરને નિહાળવા, અનુભવ કે સાક્ષાત્કાર કરવા માટે મનની આંખોની જરૂર છે. આજનો માનવી ભાગ-દોડની જીંદગીમાં અટવાયો છે. તેથી તે પરમેશ્વરથી દૂર થતો જાય છે. આપણે અનેક ધર્મો અપનાવીએ છીએ પણ તે ધર્મનું પાલન કરતાં નથી.

તમે જાણો છો ? મેં ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે ? હા ! આ વાત માનવી મુશ્કેલ છે. પણ આ વાતને માનવા માટે જરૂર છે તો ફક્ત શુદધ મનથી ઈશ્વરને નિહાળવાની જો ઈશ્વરનો સાક્ષાત્કાર નાની વયે કર્યો હતો. જે વયમાં તમે કદાચ હસતુ, ખીલતુ કે દરેક વસ્તુને સમજવાનો પ્રયત્ન કરતુ જીવન ગાળતાં હશો. તે વયે હું ઈશ્વરને સમજતી, પૂજા કરતી, પરમેશ્વર મારા પરમ પિતાની સાથે-સાથે મિત્ર પણ હતા.

૨૦૦૫ ના વર્ષની આ વાત છે. હું ગંભીર માંદગીમાં સપડાઈ ત્યારની આ વાત છે. મૃત્યુ ને વશ અને કુટુંબીજનોને લાચાર જોઈ હું અશ્રુ સારતી. આ માંદગીનો અંત મૃત્યુનો સંદેશ હતો. સતત ત્રણ મહિના હું બિમાર રહી. ત્રીજા મહિનામાં બીક અને લાચારી મારા મિત્રો હતાં. સાથ હતો તો ફક્ત સ્નેહીજનો અને કુટુંબીજનોનો જે રોજ મારી હાલત જોઈ અશ્રુ સારતા હતા.

મેં ૧૪ વર્ષની વયે એક દિવસ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો..મેં રમતુ, હસતુ, ખીલતુ જીવન જીવવાની વયે મૃત્યુનો સામનો કર્યો. મૃત્યુ નિકટ અને જીવન દૂર થતુ હોય એમ મને લાગતું હતું. આ ઘટના આજેય ભૂલ્યે નથી ભૂલાતી. મેં મારા ઘરમાં 'સાંઈબાબા' નો સાક્ષાત્કાર કર્યો. હું જ ફક્ત 'સાંઈબાબા' નો સાક્ષાત્કાર કરી શકી. તે મારા પિતા, મિત્ર, ગુરુ અને ભગવાન છે. આજેય તેઓ આ ચારેય પદ્વીઓને માન આપી મારી તત્કાલ સહાયે આવે છે.

કહેવાય છે કે " ભગવાન ભક્તને વશ હોય છે. " તે ખૂબ જ સાચી વાત છે. ભગવાન જયારે ભક્તને મળવા આતુર બને ત્યારે ભક્ત અને ભગવાનને કોઈ વિઘ્નો કે સીમા નડતા નથી. ભક્તને મળવા માટે ભગવાનને લાખો માઈલનું અંતર પણ રોકી શકતા નથી.

તે આખો દિવસ 'સાંઈબાબા' મારી સમક્ષ રહ્યા હતા. મને દુઃખી જોઈ એ એ પોતે પણ દુઃખી થઈ ગયા હતા. તેમનો એ ચહેરો જે મને જીવન જીવવાની તકો અને પ્રગતિમય રસ્તાઓ સ્વાગત કરતા હતાં.

અહીં એક બીજી ઘટના બને છે, નવું જીવન અને પ્રગતિમય અભ્યાસની શરૂઆત કર્યા પછી સતત બીજા વર્ષે ૨૦૦૬માં તા. ૧૧-૩-૦૬ માં સાંજના ૭-૩૦ વાગ્યાના આસપાસ સંધ્યાકાળે દીવા કરતી વખતે 'સાંઈબાબા' ના નામનું સ્મરણ કરતી હતી. તે વખતે પાણિયારા પર દીવો કરતાંની

સાથે આખા રસોઈઘરમાં પ્રકાશ ફેલાવા લાગ્યો. સાંજના ૭-૩૦ વાગ્યાથી સવારના ૪-૩૦ વાગ્યે દીવો બુઝાઈ ગયો.

ખરેખર, બુધવારે તા.૧૧-૩-૦૬ ના દિવસથી ઠીક બીજા દિવસે ગુરુવારે તા. ૧૨-૩-૦૬ ના દિવસે મારો જન્મદિન હતો. મારી મનોકામનાને માન આપી અને મને ખુશ કરવા માટે જ તે દિવસે મારા ઘરમાં સાક્ષાત જ્યોત સ્વરૂપે દર્શન આપવાનો નિશ્ચય કર્યો હતો.

મારી ગંભીર માંદગીના સમયે મારા ઘરના મંદિરમાં જ સવારે ૪-૦૦ વાગ્યે અચાનક મંદિરમાંથી પ્રકાશ ફેલાયો હતો. આજે પણ 'સાંઈબાબાની અસીમ કૃપાથી મારા અને ઘરના સ્નેહીજનોના અટકી ગયેલા મોટા ભાગના કામો પૂરા થઈ ગયા છે.'

મને આજે પણ મારા ગુરુજનો વિશેના સારા અણસારો, કુટુંબીજનો વિશેના સારા અણસારો મળે જ છે. કદાચ, આ અણસારોથી કે અણસારોની સારી કે ખોટી અસરથી તેઓ પોતે-અજાણ હોય છે.

મારો આ લેખ લખવાનો હેતુ ફક્ત એ જ છે, કે જ્ઞાન મેળવતાની સાથે-સાથે ઈશ્વરની ભક્તિ આપણામાં વિદ્યા,મનની,સ્વભાવની, સુંદરતા અને અલગપણુ દર્શાવે છે. હું આશા કરું કે આ લેખ તમારા અંગત અને જાહેર જીવનમાં કે જીવન ઘડતરમાં તમારી પ્રગતિની નવી દિશાઓનો સુચક બને.

ખરેખર, આજે મને નીચેની ત્રણ ઉક્તિઓ યાદ આવે છે.

"રામ રાખે તેને કોણ ચાખે"

" ખુદી કો કર બલુંદ ઈતના ખુદા ખુદ કયામત કે દિન તુઝસે પૂછે, બતા બંદે તેરી રઝા કયા હૈ"

"The God Is Great"

"जाको राखे साईया मार सके ना कोई ।
बाल ना बाका कर सके चाहे जग बेरी होई ।।"

## (૨) 'उत्थान' : गीता सार ।

जो हुआ है वह अच्छे के लिए हुआ है ।
जो होगा वह भी अच्छे के लिए ही होगा ।
जो हो रहा है वह भी अच्छे के लिए ही हो रहा है ।
इसलिए कर्म कर फल की चिंता मत कर ।
जो आया है उसका जाना निश्चित है ।
जनम और मृत्यु ईश्वर के हाथो मे है ।
संसार की माया व्यर्थ है ।
संसार की माया का त्याग कर अपने कार्यो में सफल होना ही समझदारी है ।

આ 'ગીતાસાર' લખવાનો મારો હેતુ સર્વ કોલેજના વિદ્યાર્થીઓને જીવનમાં અને ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત મળે. અને તેઓ ભૂલથી પણ કોઈ એવો નિર્ણય ન લઈ બેસે જેની આપણને આશા પણ ન હોય.

ઈશ્વર આપના જીવનમાં ખુશી લાવે, અને તમારા જીવનના વિઘ્નો હરે એવી શુભેચ્છા.

**સોનમ બી. શાહ**
**એસ.વાય.બી.એ. રોલ નં.૨૨**

## ગ્રામીણ ભારતમાં આર્થિક ક્રાંતિનો હળવે પગલે પ્રવેશ

કર્મચારીઓને જોબ સુધી લાવવાના બદલે જોબને ગ્રામ્ય વિસ્તારના યુવાનો સુધી લઈ જતી પ્રયોગશીલ કંપનીઓ..

ઝળહળતી રોશની વચ્ચે ડઝનબંધ લોકો કીબોર્ડ પર માથું નમાવીને કામ કરી રહ્યા છે. કીબોર્ડ પર ફરતી આંગળીઓના ટાઈપિંગનો અવાજ આખા રૂમમાં સંભાળાય છે. કમ્પ્યુટરના મોનિટર પર વીમાનાં ફોર્મ, ટાઈમ શીટ્સ, કસ્ટમર સર્વિસ, ઈ-મેઈલ મેસેજ આવ્યા કરે છે. આ બંધુ ભારતના કોઈ ખૂણામાં સાવ ઓછા ભાવે થઈ રહ્યું છે.

ભારતમાં દરેક મોટા શહેરમાં ખાસ કરીને બેંગ્લોર અને ગુડગાંવ જેવા હાઈટેક્નોલોજી હબમાં આઈટી ક્રાંતિ આવ્યા બાદ આવા દ્રશ્યો સામાન્ય છે. લોકો તો કર્ણાટકના ગ્રામ્ય વિસ્તારમાં કામ કરી રહ્યા છે. કેટલાક સાહસિકોએ સાવ ગ્રામ્ય વિસ્તારમાં પણ આઈટી આઉટસોર્સિંગનું કામ શરૂ કર્યું છે. અત્યાર સુધી આર્થિક પ્રગતિથી વંચિત રહેલા વિસ્તારો તેમાં આવરી લેવાયા છે. ભારતમાં કોલ સેન્ટર્સ અને ટેકનોલોજી કંપનીઓમાં ૧૦ લાખ લોકોને રોજગાર મળ્યો છે. એક અબજથી વધુ વસ્તી ધરાવતા દેશમાં આ આંકડો સમુદ્રમાં એક ટીપા જેવડો લાગે છે. અત્યાર સુધીમાં મોટા ભાગની જોબ શહેરોને મળી છે. ૭૦% લોકો ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે. મોટા પ્રમાણમાં ગ્રામીણ લોકો શહેરોમાં વસે તેવી ઔદ્યોગિક ક્રાંતિથી ભારત વંચિત રહ્યું છે. ગ્રામ્ય જીવનમાં ગાંધીવાદી આદર્શવાદના કારણે પણ લોકો ત્યાં વસવાટ કરવાનું પસંદ કરે છે.

ગરીબી હેઠળ જીવતા વિરાટ સમુદાયને કઈ રીતે ઉપર લાવવો તેનો જવાબ શોધવામાં ભારત નિષ્ફળ રહ્યું છે. અર્થશાસ્ત્રીના માનવા પ્રમાણે ભારતે આર્થિક સત્તા બનવું હોય અને બેરોજગારોને મોટી સંખ્યામાં રોજગારી આપવી હોય તો ઝડપી શહેરીકરણ અપનાવવું પડશે. ગ્રામ્ય વિસ્તારમાં આઉટસોર્સિંગ ઓફિસ શરૂ કરવાની રુરલ શોર્સ જેવી કંપની માને છે કે જોબ સુધી લઈ જવાના બદેલ જોબને જ લોકો સુધી લઈ જેવી જોઈએ. કંપનીના ડિરેક્ટર જીશ્રીનિવાસે કહે છે, ' અમે વિચાર્યું કે જોબને જ ગામડામાં કેમ ન લઈ જવી ? ત્યાં પુષ્કળ પ્રતિભા રહેલી છે. અને અમે તેમને જોબ માટે તાલીમ આપી શકીએ છીએ.'

પછાતપણા અને ખેડૂતોની આત્મહત્યાઓ ના કારણે સમાચારમાં રહેતા આ વિસ્તારને ભારતીય અને વિદેશી કંપનીઓ અલગ રીતે જોઈ રહી છે. સસ્તા સેલ ફોન, કિંચન, ગેજેટ્સ અને સસ્તા મોટર સાઈકલ માટે આકર્ષક માર્કેટ બની રહ્યું છે.

**- પટેલ ગાયત્રી આર. (સમગ્ર વર્ગ)**
**એસ.વાય.બી.એ., અર્થશાસ્ત્ર, રોલ નં. ૩૮**

## "એન.એસ.એસ. વાર્ષિક શિબિર" નો પ્રતિભાવ.

એન.એસ.એસ. વાર્ષિક શિબિરનો પ્રતિભાવ આપતા હું આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું.

આપણી કોલેજની વાર્ષિક શિબિર અને એન.એસ.એસ. યુનિટ સંચાલિત રૂપિયાપુરા ગામ મુકામે તા. ૧૦-૧૧-૦૯ થી ૧૬-૧૧-૦૯ સુધી એક સપ્તાહમાં ઉજવાઈ ગઈ.

આ શિબિરમાં જોડાવવાથી જીવનનું ઘડતર સુટેવોથી થાય છે. અને સુટેવોનું નિર્માણ શિબિરમાં થાય છે. મિત્રો, ગુરુજનો તેમજ ગ્રામજનો સાથે એકાત્મકતાનો ભાવ અનુભવાય છે. અને આપણે સહુ એકજ ડાળનાં પંખી છીએ તેવી પ્રતીતિ થાય છે. મારામાં શિબિરથી સામાજિકતાનો ગુણ વધુ વ્યાપક બન્યો. ખેલદિલી, સહનશીલતા, ધીરજ, વિવેક, વિનય, નિષ્ઠા જેવા ગુણો વડે મારામાં નેતૃત્વશક્તિ વિકસસે એવી મારામાં શ્રદ્ધા જન્મી છે.

શિબિર દરમ્યાન વિવિધ ક્ષેત્રના વિદ્વાન વક્તાઓના વ્યાખ્યાનથી અમારા જ્ઞાનમાં વધારો થયો. શિબિરમાં સૌથી મોટા લાભ મારી મૌખિક, લેખિત અને સર્જનાત્મક અભિવ્યક્તિનો વિકાસ થયો છે. જેમાં ચર્ચા વિચારણાનું કૌશલ, સહયોગ લેવાનું કૌશલ, એકબીજાને અનુકુળ બનવાનું કૌશલ, આ શિબિરમાં વિકસ્યા, શિબિર પત્રિકા લખવાનો લાહવો મળ્યો તે. મારામાં 'રોજનિશી' લખવાની ટેવ વિકસાવશે એવી મને આશા છે. મારામાં આ ગુણો અને શક્તિઓ વિકસાવવાનો યશ મારી શિબિરમાં પથદર્શક એવાં વંદનીય શ્રી ડૉ. ગોવિંદભાઈ કાછીઆ સર અને અમારા પ્રો.ઓ. એસ.વી.પટેલસરને ફાળે જાય છે. હું શિબિરમાં કશું જ કરી શક્યો ન હોત છેલ્લે ગ્રામજનોએ અમને જે સહયોગ આપ્યો તે અમારું ચિરંજીવ સંભારણું બની રહેશે.

અંતમાં હું એટલું જ કહિશ....

"ના હસિને શીખ્યો છું, ના રડીને શીખ્યો છું,
જે કંઈ શીખ્યો છું, તે આ એન.એસ.એસની,
વ...ડ શિબિરમાં રહિને શીખ્યો છું."

સુનિલ એસ. મકવાણા, રોલ નં. ૯,
ટી.વાય.બી.એ., એન.એસ.એસ. સ્વયંસેવક

## વડોદરા રેલ ટ્રાન્સપોર્ટ ઉત્પાદન હબ બનશે.

રેલ ટ્રાન્સપોર્ટ મેન્યુફેકચરિંગ હબ બનવાની દિશામાં વડોદરાએ વધુ એક કદમ આગળ ધપાવતાં જિંદાલ સો લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટા કંપની જિંદાલ રેલ ઈન્ફાસ્ટ્રકચર લિમિટેડ 22 નવેમ્બર કરજણ નજીક આવેલાં તેના ફ્રેટ વેગન મેન્યુફેકચરિંગ પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. રૂ. ૨,૭૦૦ કરોડનાં રોકાણ સાથે વેગન મેન્યુફેકચરિંગ ફેસિલિટી સ્થાપવામાં આવશે. જેમાં આગામી તબક્કામાં ડેમુ, મેમુ પેસેન્જર યુનિટ મેન્યુફેકચરિંગ ફેસિલિટી ઉમેરવામાં આવશે અને ક્ષમતા વિસ્તરણ કરવામાં આવશે.

ખાનગી અને સરકારી રેલ ઈન્ફાસ્ટ્રકચર ક્ષેત્રે વધી રહેલ તકનો લાભ લેવાનાં ઉદ્દેશ સાથે ફેસિલિટીની પ્રારંભિક ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૩,૦૦૦ સ્ટીલ વેગનની હશે.

પ્લાન્ટની કુલ ઉત્પાદન ક્ષમતા વધારીને વાર્ષિક ૪,૫૦૦ વેગન અને ૨૦૧૨ સુધીમાં વાર્ષિક ૭,૦૦૦ વેગનની કરવામાં આવશે. મુંબઈ-દિલ્હી રેલ લિન્કની નજીકમાં ૬૦ હેકટર પર પથરાયેલી ફેસિલિટિને બાદમાં વેસ્ટર્ન રેલ્વેના નેટવર્ક સાથે જોડવામાં આવશે. જિન્દાલ સો લિમિટેડનું રેલ ઈન્ફાસ્ટ્રકચર સાહસ શરૂઆતમાં ૧,૧૦૦ લોકોની ભરતી કરશે. અને તે વિસ્તરણના જયારે ત્રીજા તબક્કામાં પહોંચાશે ત્યારે ૪,૫૦૦ થી વધુ લોકોને રોજગારી આપશે. વધુમાં કંપનીએ તેની માનવબળ જરૂરિયાત સંતોષવા માટે ભરૂચની ઈન્ડસ્ટ્રીયલ ટ્રે... ઈન્સ્ટિટયૂટ (આઈ.ટી.આઈ.) માં રેલ ...લ કોર્પ શરૂ કર્યો છે. વધુમાં વડોદરામાં બોમ્...યરની મલ્ટિયલ મેન્યુફેકચરિંગ ફેસિલિટી ...વેલી છે.

-વિહારીકા વી. ખારવા

## ખાદ્ય તેલનાં માથાદીઠ વપરાશમાં વાર્ષિક ૧૦% નો થયેલો ઉછાળો

સસ્તા તેલની ઉપલબ્ધિએ માથાદીઠ વપરાશ ૧.૫ કિલોગ્રામ વધીને ૧૩ કિગ્રાના સ્તરે.

મંદીનાં પાછલા એક વર્ષના સમયગાળામાં જો કોઈ ક્ષેત્ર વધુ વૃદ્ધિ નોંધાવી હોય તો તે દેશમાં ખાદ્યતેલનો વપરાશ છે. વૈશ્વિક બજારોમાં ખાદ્યતેલનાં અને તેમાં ખાસ કરીને પામતેલનાં ભાવમાં તીવ્રકડાકાને પગલે દેશમાં માથાદીઠ ખાદ્યતેલનાં વપરાશમાં વિક્રમ વૃદ્ધિ જોવા મળી છે. સામાન્ય રીતે વાર્ષિક સરેરાશ ૨% માથાદીઠ વપરાશ વૃદ્ધિની સરખામણીમાં તેલ વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન દેશમાં માથાદીઠ વપરાશમાં ૧૦% થી વધારે વૃદ્ધિ નોંધાઈ છે. જેનો ખ્યાલ દેશમાં ખાદ્ય તેલની આયાતમાં ૩૯% જેટલી વિક્રમ વૃદ્ધિથી આવે છે.

"વિશ્વ બજારમાં ખાદ્ય તેલોનો ભાવ સસ્તા થયાની સીધી અસર ભારતમાં તેલના વપરાશ પર જોવા મળી છે. તે એ હદે કે દેશમાં માથાદીઠ વપરાશ એક વર્ષમાં એક કિગ્રાથી વધારે વૃદ્ધિ દર્શાવી રહ્યો છે."

"ભારત વિશ્વમાં માથાદીઠ આવકમાં ઊંચી વૃદ્ધિ નોંધાવનાર દેશમાંનો એક છે. અને નિમ્ન વર્ગ અને મધ્યમ નિમ્ન વર્ગની આવકમાં વૃદ્ધિનો મોટો હિસ્સો ખાદ્યપદાર્થ પાછળ ખર્ચાતો હોય છે."

**નીચા ભાવનું મહત્વનું કારણ...**

આયાતમાં નોંધપાત્ર વૃદ્ધિ ચાલુ કેલેન્ડરની શરૂઆતથી જોવાઈ હતી. જેનું કારણ વૈશ્વિક બજારમાં પામતેલનાં નીચે ભાવ હતો.

- પામતેલની સસ્તી આયાતને લીધે કપાસિયા અને સોયાબીન ઓઈલ જેવાં બીજા તેલમાં ભેળસેળનું પ્રમાણ વધી ગયું છે.

-વિહારીકા વી. ખારવા (અર્થશાસ્ત્ર વિભાગ)
એસ.વાય.બી.એ., રોલ નં. ૩૭

## ભારતીય મોબાઈલનો વિશ્વભરમાં રણકાર

ભારતમાંથી દર વર્ષે ૬૦ દેશમાં છ કરોડ મોબાઈલ ફોનની નિકાસ થાય છે.

ભારત વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરી રહેલું મોબાઈલ ફોન માર્કેટ છે. તે વાત તો સૌ જાણે છે. પરંતુ ભારત હવે મોબાઈલ હેન્ડસેટની નિકાસમાં પણ નામના મેળવી રહ્યું છે. જોહાનિસબર્ગમાંથી નોકિયાનો ફોન ખરીદો કે ટાઉનમાંથી સેમસંગનો હેન્ડસેટ ખરીદો, બંને ફોન પર 'મેઈડ ઈન ઈન્ડિયા' નું ટેગ લાગેલુ હોય તેવી શક્યતા છે. ભારતમાં બનેલા મોબાઈલનું મોટુ માર્કેટ દક્ષિણ આફ્રિકા છે. પરંતુ ભારતીય હેન્ડસેટ ઉત્પાદકો દર વર્ષે ૬૦ થી વધુ દેશમાં છ કરોડથી વધુ હેન્ડસેટની નિકાસ કરે છે.

આ વર્ષે વિશ્વરભરમાં ૧.૧ અબજ હેન્ડસેટનું ઉત્પાદન કરવામાં આવશે. તેમાંથી ૧૦માં ભાગના યુનિટ નોકિયાના શ્રીપેરુમ્બુદર સ્થિત પ્લાન્ટમાં અથવા સેમસંગના નોઈડા સ્થિત પ્લાન્ટમાં કે એલજીની પૂણે ખાતેની ફેકટરીમાં બન્યા હશે. ભારતમાં જે મોટોરોલા અને સોની એરિકસનના મોબાઈલ પણ બને છે. અને શ્રીલંકા, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં તેનું વેચાણ થાય છે. ઈન્ડિયન સેલ્યુલર એસોસિયેશન (આઈસીએ) ના જણાવ્યા પ્રમાણે ૨૦૦૯માં ૧૨ કરોડ અને ૨૦૧૨ માં ૨૫ કરોડ મોબાઈલ ફોનનું ઉત્પાદન કરવાની યોજના છે.

ઓગસ્ટ ૨૦૦૭માં વૈશ્વિક ટેકનોલોજી રિસર્ચ કંપની ગાર્ટનરે રજૂ કરેલા અંદાજ પ્રમાણે ભારતમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન ૨૦૦૬ માં ૩.૧ કરોડ હતું. ૨૦૧૧ માં વધીને ૧૦.૭ કરોડ એકમ સુધી પહોંચશે. ૨૦૦૯ માં જ ભારત ૧૦ કરોડ યુનિટના ઉત્પાદનનો આંક વટાવી ગયું હતું. આઈસીએના રાષ્ટ્રીય પ્રમુખ પંકજ મોહિન્દ્રોએ જણાવ્યું હતું. ૨૦૧૨ સુધીમાં ૧૦ કરોડ હેન્ડસેટની નિકાસ કરવાનો લક્ષ્યાંક છે. "અમે મેન્યુફેકચરિંગ એડ્વાઈઝરી કમિટીની રચના કરી છે. જે નિકાસ વધારવા માટે માર્ગદર્શિકા તૈયાર કરશે" વિશ્વની સૌથી મોટી હેન્ડસેટ ઉત્પાદક નોકિયાએ ભારતમાં કામગીરી શરૂ કર્યાનો ચાર વર્ષ કરતાં પણ ઓછા સમયમાં ૨૮.૫ કરોડ ડોલરનું રોકાણ કર્યું છે. નોકિયાએ ચેન્નાઈ ફેકટરીને જાન્યુઆરી-૨૦૦૬ માં ૫૫૦ કર્મચારી સાથે શરૂ કરી હતી. હાલમાં તે ૮,૦૦૦ થી વધુ કર્મચારી ધરાવે છે. નોકિયા ઈન્ડિયાએ એપ્રિલ-૨૦૦૯ સુધીમાં ૨૫ કરોડ, ચેન્નાઈ અત્યારે નોકિયાનું સૌથી મોટું ઉત્પાદન પ્લાન્ટ છે. ચેન્નાઈ ફેકટરી માટે નોકિયા ઈન્ડિયાના ડિરેકટર સચિન સકસેનાએ જણાવ્યું હતું કે, "અમે આ પ્લાન્ટમાં કામગીરી શરૂ કરી ત્યારથી એપ્રિલ-૨૦૦૯ સુધીમાં કુલ ૨૫ કરોડ હેન્ડસેટનું ઉત્પાદન કર્યું હતું. હાલમાં આ ફેકટરીમાંથી દક્ષિણપૂર્વ એશિયા, મધ્યપૂર્વ અને આફ્રિકા સહિત ૫૦ થી વધુ દેશમાં નિકાસ થાય છે. સ્થાનિક બજારમાં પણ સપ્લાય થાય છે. પ્લાન્ટમાં રૂ. ૨,૦૦૦-૭,૦૦૦ની રેન્જમાં મોબાઈલનું ઉત્પાદન થાય છે. મોટોરોલાએ મેડ ઈન ઈન્ડિયા ટેગ સાથેના મોબાઈલનું ઉત્પાદન શરૂ કર્યું હતું. ૨૦૦૯માં ભારત ૧૦ કરોડ યુનિટના ઉત્પાદનનો આંક વટાવી ગયું હતું. 'મેઈડ ઈન ઈન્ડિયા' ટેગ લાગેલા મોબાઈલ હેન્ડસેટસના વેચાણ માટે બાંગ્લાદેશ, દક્ષિણ, આફ્રિકા, શ્રીલંકા, પાકિસ્તાન જેવા દેશો મુખ્ય કેન્દ્રો છે."

**નિકાસમાં જંગી વધારાની આશા :-**

૨૦૦૯ માં થયેલી ૧૨ કરોડ હેન્ડસેટની નિકાસ વધીને ૨૦૧૨ સુધીમાં ૨૫ કરોડ થવાની કંપનીઓને ધારણા છે.

**સૌથી મોટો ઉત્પાદન પ્લાન્ટ :-**

ચેન્નાઈ અત્યારે નોકિયાનો સૌથી મોટો ઉત્પાદન પ્લાન્ટ છે. જેમાં ૮,૦૦૦ લોકો કામ કરી રહ્યાં છે.

**પટેલ ગાયત્રી આર. (સમગ્ર વર્ગ)**
**એસ.વાય.બી.એ. અર્થશાસ્ત્ર, રોલ નં. ૩૮**

## સુવિચારો

- ✻ સફળતાનું પહેલું રહસ્ય છે 'આત્મવિશ્વાસ'.
- ✻ માનવીની ઊંચાઈ તેના ગુણોને લીધે હોય છે. ઊંચા સ્થાને બેસવાથી માનવી ઊંચો થઈ જતો નથી.
- ✻ ક્રોધ એ મગજના દિવડાને બુઝાવી દે છે.
- ✻ આપણને ન ગમતી ચીજ, વસ્તુ અને વાનગી અન્યને દાનમાં આપવી નહીં.
- ✻ જીવવા માટે ખોરાક છે, ખોરાક માટે જીવન નથી.
- ✻ મૃત્યુ અને ઇશ્વરને કદી ભૂલવા નહીં.
- ✻ આપણને કરેલો ઉપકાર તથા બીજા માણસે આપણી સાથે કરેલી બૂરાઈ ભૂલી જવી.
- ✻ સુખ અને દુઃખ એકબીજાને પર્યાય છે. બંને હંમેશા રહેતા નથી. પણ કેટલાક એવા છે કે જેમને સુખ જોવા મળતું નથી. એક વાત ચોક્કસ છે કે દરેકના જીવનમાં સુખ ચોક્કસ છે જ.

## કોણ શું શીખવે છે ?

- ✻ ફુલ : સુખ અને દુઃખમાં હસતા રહો.
- ✻ ફુગ્ગો : ફૂલતા જશો તો ફાટી જશો.
- ✻ વાદળી : મારી જેમ વરસી જતા શીખો.
- ✻ ભમરો : સુખ દુઃખમાં સદાય ગાતા રહો.
- ✻ ચંદન : પોતે ઘસાઓ પણ બીજાને શીતળતા આપો.
- ✻ ધૂપસળી : પોતે જલીને બીજાને સુગંધ આપો.
- ✻ ઘડિયાળ : સમય ચૂકશો તો પાછો નહિ આવે.
- ✻ કૂતરો : મારી માફક અલ્પનિંદ્રા સેવો.
- ✻ સૂર્ય : બીજાને દઝાડશો તો તમારે પણ દાઝવું પડશે.
- ✻ તારો : અંધકારમાં આશાનો પ્રકાશ જુલતો રાખો.
- ✻ પાણી : હંમેશા વહેતા રહો.
- ✻ એરણ : સહન કરશો તો સુખી થશો.
- ✻ ગુલાબ : દુઃખમાં પણ હસતા રહો.
- ✻ હથોડો : મહેનત કરતા થાકશો નહિ.
- ✻ પરપોટો : જીવન ક્ષણભંગુર છે.
- ✻ સોય : જુદા થયેલાને ભેગા કરતા શીખો.
- ✻ વીંટી : મર્યાદામાં રહેશો તો શોભશો.
- ✻ દરિયો : વિશાળ દિલ રાખો.

## જરા હસીએ.....

✻ આરોપી મહેશે પોતાના બચાવ માટે વકીલ રોકવાનું નક્કી કર્યું. અને એક વકીલને પૂછ્યું, વકીલ સાહેબ તમે મારો કેસ લડશો ? જરૂર ! પણ મારી ફી ચૂકવવા માટે તમારી પાસે રોકડા પૈસા છે ?
ના, રોકડા નથી પણ એક નવી કાર છે.
બહુ સરસ, ચાલશે ! બોલો તમારા પર શું આરોપ મૂક્યો છે ?
મોટર ચોરવાનો - આરોપી મહેશ કહ્યું.

✻ બોબી : તારા કાકાનું મૃત્યુ બંદૂકની ગોળી વાગવાથી થયું હતું ?
રોકી : હા !
બોબી : ગોળી ક્યાં વાગી હતી ?
રોકી : કપાળ પર.
બોબી : સારૂ થયું કે આંખ સહેજ માટે બચી ગઈ.

## ભારતના ચલણ સાથે દરેક દેશના નાણાની તુલના

| ક્રમ | દેશનું નામ | દેશનું ચલણ | ભારત સાથે તુલના |
|---|---|---|---|
| 1. | યુગાન્ડા | સીલીન | 0.023 |
| 2. | ન્યુઝીલેન્ડ | ડોલર | 31.71 |
| 3. | બનહામિ | ડોલર | 49 |
| 4. | ઝીમ્બાબવે | ડોલર | 0.0000013 |
| 5. | કેનેડા | ડોલર | 44.17 |
| 6. | ઈન્ડોનેશીયા | રુપીહ | 0.04 |
| 7. | મેક્સિડોન | પૈસો | 3.69 |
| 8. | રોમાનિન | લેય | 0.0016 |
| 9. | સ્વીટઝરલેન્ડ | લીલાગેની | 6.040 |
| 10. | ઓસ્ટ્રેલીયા | ડોલર | 39 |
| 11. | કેન્યા | સીલિંગ | 0.65 |
| 12. | ટોન્ગા | પાન્ગા | 23.77 |
| 13. | હેલેનાં | પાઉન્ડ | 85.71 |
| 14. | બાંગ્લાદેશ | ટાકા | 0.72 |
| 15. | ગમ્બીયાન | હવાલા | 0.0097 |
| 16. | લિબિયાન | ડિનર | 40.37 |
| 17. | સાઈરીયન | પાઉન્ડ | 1.093 |
| 18. | યુગોસ્લાવિયા | ડિનર | 0.75 |
| 19. | નાબિબિયા | ડૉલર | 6.18 |
| 20. | સીંગાપુર | ડોલર | 33.90 |
| 21. | ગ્રીક | કાસમા | 0.20 |
| 22. | ઈસ્ટ કેરેબિયન | ડોલર | 18.76 |
| 23. | લોકિયા | ડિનર | 171 |
| 24. | એમાનિ | રિયલ | 128.18 |
| 25. | ઈરાન | રુપીહ | 0.0059 |
| 26. | તાયવાન | ડોલર | 1.49 |
| 27. | ટાન્ઝાનય | સીલીન | 0.037 |
| 28. | બ્રિટન | પાઉન્ડ | 34 |
| 29. | ચિલીયન | પૈસા | 0.087 |
| 30. | ચાઈનીઝ | યુનો | 6.96 |
| 31. | કોર્ટન | ફના | 9.32 |
| 32. | ડેનિસ | ક્રોનિ | 9.18 |
| 33. | ઈસ્ટોનિયા | ક્રોન | 4.37 |
| 34. | જાપાનીઝ | યાન | 0.49 |
| 35. | લેટવીન | લેટ | 17.36 |
| 36. | લિબિયાન | ડિનિયર | 24.63 |
| 37. | લિથ્યાનિયન | લિટસ | 19.81 |
| 38. | આરજેટાઈન | પૈસા | 12.37 |
| 39. | બ્રાઝિલિયન | રીયલ | 26.17 |
| 40. | બ્રિટિશ | પાઉન્ડ | 80.24 |
| 41. | બેલઝેરિયમ | લીવ | 34.97 |
| 42. | કેનેડિયન | ડોલર | 44.37 |
| 43. | યુરો | યુરો | 68.40 |
| 44. | હોંગહોંગ | ડોલર | 6.14 |
| 45. | હેનક વારીયન | ફોન્ટ | 0.26 |
| 46. | આઈસલેન્ડ | ક્રોના | 0.37 |
| 47. | આઈસરેલ્યા | ન્યુસિકલ | 12.13 |
| 48. | રોમાનીયન | લ્યૂ | 16.23 |
| 49. | રશિયન | રુબલ | 1.52 |
| 50. | સાઉદી | રિયલ | 12.69 |
| 51. | સિંગાપુર | ડોલર | 33.15 |
| 52. | સાઉથ આફ્રિકન | રેન્ડ | 5.90 |
| 53. | ઈસ્ટ કેરેબેયન | ડોલર | 18.76 |
| 54. | ગ્રીડ | કાક્ષમા | 0.20 |
| 55. | થાઈવાન | ડોલર | 1.49 |
| 56. | તાઈવાન | ડોલર | 1.45 |
| 57. | મલેશિયન | રેનપુટ | 13.63 |
| 58. | મલ્ટિઝ | લીરા | 14.22 |
| 59. | ડ્રોવઝીંગ | કોનર | 7.49 |
| 60. | સાઉથ કોરિયન | વોન | 0.03 |
| 61. | શ્રીલંકા | પૈસા | 0.41 |
| 62. | સ્વીદિશ | કોના | 6.65 |
| 63. | ત્રિનિદાદ | ડોલર | 7.64 |
| 64. | તુરકિસ | લીરા | 32.23 |
| 65. | વેનિઝેલ્યન | બિલેવર | 22.16 |
| 66. | કેલમ્બિયન | પૈસા | 0.02 |

**અર્થશાસ્ત્ર વિભાગ-ટી.વાય.બી.એ.**

## The Heart's Garden

The heart is a garden
Where thought flowers grow
The thoughts that we think
Are seeds that we sow
Every Kind loving thought
Bears a kind, loving deeds.
While a thought that is selfish
Is just like a weed
We must watch what we think
Each minute all day.
And pull out the weed thoughts
And throw them away
And Plant loving Weed thoughts
So thick in a row
That there will not be room
For weed thoughts to grow.

**Patel Hetal D. ,S.Y.B.A., Roll No. 101**

## શબ્દ.....

શબ્દ મારે છે. શબ્દ તારે છે અને શબ્દ ડુબાડે છે.
શબ્દ હસાવે છે. શબ્દ રડાવે છે.
અને શબ્દ ફસાવે છે.
શબ્દ માથું અપાવે છે.
અને શબ્દ માથું કપાવે પણછે.
શબ્દ અમૃત છે. અને શબ્દ વિષ પણ છે.
શબ્દ સાધના છે. અને શબ્દ વાસના પણ છે.
શબ્દ આગ લગાવે છે.
અને શબ્દ શાંતીપણ અપાવે છે.
શબ્દ સાથે રમત ન કરીએ
શબ્દનો ઉપયોગ સાવધાનીથી કરીએ
જીવનમાં બીજાનું સારુ ન થાય તો કાંઈ નહિ
પરંતુ બીજાનું ખરાબ ન કરાય તો પણ ઘણું છે.

**મેકવાન નીલમ, એસ.વાય.બી.એ. રોલ નં.૬૭**

## 'લખજે'

''જો બજારે શ્વાસ મળતા હોય તો તુ દામ લખજે,
કાં પછી તું જિંદગીનો આખરી અંજામ લખજે,
કેમ તું ખાલી જનામે કાંધ પર લઈને ફરે છે,
મારા મોતની તારીખ જાણી હોય તો પૈંગામ લખજે.
હાટ માંડી હેતની બેઠાં ઘણાં તારા નગરમાં,
ભાવ જાણી લે સનમ, તું પણ પછી બેફામ લખજે,
એક ઘૂંટે જિંદગીના ગમ બધા હું પી ગયો છું,
આવ મારી પાસ ચાખી લે નવો કોઈ જામ લખજે.
ગામ આખું આપણા સંબંધની ચર્ચા કરે છે.
એક તારા નામ પાછળ, આ 'ધવલ' નું નામ લખેજ.''

**મેકવાન નીલમ, એસ.વાય.બી.એ. રોલ નં.૬૭**

## Winner Vs. Loser

The Winner is always part of answer.
The Loser is always part of problem.
The winner always has a programme
The Loser always has an excuse.
The Winner says " Let me do it for you"
The Loser says " that is not ,my job"
The Winner sees an answer for
every problem.
The loser sees a problem for
every answer.
The Winneer says
" May be difficult but it is possible"
The Loser Says
" May be possible but it is too difficult "

**Vinanti R. Thakar, S.Y.B.A. - 34**

## પ્રેમના અવસર

''પ્રેમના અવસર વિહોણા આંગણાં લઈને ઊભો છું,
એમ લાગે છે, પ્રસંગો વામણાં લઈને ઊભો છું,
ફૂટશે વાચા કદી આ પથ્થરોને એમ સમજી
મૌન છું પણ આંખમાં પ્રશ્નો લઈને ઊભો છું.''

'જાનકીની જીદ આગળ રામ પણ લાચાર છે
એ જ કારણે આ જગતના રાવણો ફાવ્યા કરે.'

' My Wolrd is Dark without you '

'શું કમી છે શીતુ' મારી ઈબાદતમાં
ન્યાય મળતો નથી તારી અદાલતમાં'

'સાત રંગોથી અનોખો રંગ લઈને પ્રેમનો
આવશે હમણાં 'ધવલ' ચિત્રો પ્રણયના દોરવા'

'પ્રણયના રંગમાં દિલ રંગવા ફાગણબની આવો
મિલન કેરા સમયની પ્રેમભીની ક્ષણ બની આવો'

'' હાથતાળી દઈ જતી એ લાલની રાણી મને,
સર વગર બે બાદશા' નો દાવ ખાલી ગયો.
બંધ બાજી પર હતો વિશ્વાસ મારો આંધળો
એક પત્તુ જોઈ મોટી ચાલ હું ચાલી ગયો ''

**ધવલ એસ.પાટડીયા, એમ.એ-પાર્ટ-૧, રોલ નં.૩૨**

## શુ તમે જાણો છો ?

મનુષ્ય પોતાની લગભગ ૭૦ વર્ષની જિંદગીમાં..

૧) ઓછામાં ઓછુ ૧૩ટન ખાવાનું ખાઈ જાય છે.
૨) ઓછામાં ઓછું ૧૦૦ટન પાણી પી જાય છે.
૩) ઓછામાં ઓછું ૫૦૦ ટન પાણી નહાવા માટે વાપરી નાખે છે.
૪) પુરુષ લગભગ ૫ થી ૮ કિલો જેટલાં વાળ કાપી નાખે છે.
૫) લગભગ ૧.૫ થી ૨ કિલો જેટલાં નખ કાપી નાખે છે.
૬) ઓછામાં ઓછુ ૧.૨૫ ટન થૂંક નીકળે છે.
૭) મનુષ્ય પોતાના જીવનનો ત્રીજો ભાગ એટલે કે ૨૩ વર્ષ અને ૪ મહિનાનો સમય ઊંઘવામાં નીકાળે છે.
૮) લગભગ ૧.૨૫ મણ જેટલી ટૂથ પેસ્ટ વાપરી નાખે છે.

**-પ્રજાપતિ જૈમિનકુમાર બી., એફ.વાય.બી.એ.,રોલ નં.૧૯૧**

## બનવા માંગું છું.

તમે છો ગુરુ, હું શિષ્ય બનવા માંગું છું.
તમે છો પ્રભુ, હું ભકત બનવા માંગું છું.
તમે છો ગુલાબ, હું સુગંધ બનવા માંગું છું.
તમે છો આકાશ, હું ધરતી બનવા માંગું છું.
તમે છો નાવ, હું દરિયો બનવા માંગું છું.
તમે છો મા-બાપ, હું બાળક બનવા માંગું છું.
તમે છો શિક્ષક, હું વિદ્યાર્થી બનવા માંગું છું.
તમે છો સારથિ, હું અશ્વ બનવા માંગું છું.
તમે છો રાજા, હું સેવક બનવા માંગું છું.

**-પ્રજાપતિ જૈમિનકુમાર બી., એફ.વાય.બી.એ.,રોલ નં.૧૯૧**


## " દોસ્તી "

તને જોઈને, જીંદગી વિતાવું છું હું
જોવા ન મળે તો આંસુ વહાવુ છું
દર્દ, મારા દિનું કોઈને કહી શકતો નથી
મળે જયારે મિત્રો તો હસાવું છું હું
વસંત માં થયું આપણી દોસ્તીનું મિલન
પણ પતઝડની કલ્પનાથી કેમ ગભરાવ છુ હું
દુનિયા આપણા પ્રેમની કદર નથી કરતી
તુટેલા દિલને દિલાસો આપું છું હું
જોયા હતા મે તમારી આંખમાં આંસું
ખુદને પણ તમારી માફક રડાવું છું
કેટલી કરું છું દોસ્તી, તમને કહી શકતો નથી.
ખુદને પણ અરીસામાં કહેતા શરમાવું છુ હું

**-મકવાણા અમીત આર., ટી.વાય.બી.એ., રોલ નં. ૭૪**

## સુ વાક્યો


* જ્ઞાનનું અંતિમ લક્ષ્ય ચારિત્ર્ય નિર્માણનું છે.
* રૂપ સારું છે પણ રૂપનું અભિમાન ખોટું છે.
* દાનમાં આપેલી વસ્તુ પાછી ન લેવાય.
* સફળતાનું રહસ્ય ઉદ્દેશ્યની સ્થિતિમાં છે.
* જેની જિંદગી સારી, તેનાથી દૂર રહે બરબાદી.
* સાચુ શિક્ષણ સફળ જીવનનો પાયો છે.
* જેનું મન ધર્મસ્થાન છે, તેને દેવ પણ નમન કરે છે.
* કદરૂપા મન કરતા કદરૂપો ચહેરો સારો.
* મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.




ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા ઈવોલ્યુએશન ઓફ ધ સોલર સીસ્ટમ વિષય પર આયોજીત એક દિવસીય પરિસંવાદને સંબોધિત કરતા પ્રો. વી.સી.ઉપાધ્યાય. તેમજ પ્રો. કલ્પેશ ત્રિવેદી, ડૉ. જે.આર.ત્રિવેદી (અધ્યક્ષ) તેમજ કોલેજના પ્રિ. ડૉ.વિમલ જોષી સાહેબ




કોલેજમાં વિદ્યા અભ્યાસની સાથે ચાલતાં ટુરિઝમના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને સંબોધન કરતા મોંચેસ્ટર સ્થિત અને કોલેજના ભૂતપૂર્વ કર્મચારી પ્રો. પ્રશાંત પંડ્યા જેઓએ મોંચેસ્ટર યુનિ.માં ટુરિઝમ અભ્યાસક્રમની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.




તા. ૨૧-૧૧-૦૯ ના રોજ સ્વર્ણિ ગુજરાત કાર્યક્રમ હેઠળ કોલેજમાં જ્ઞાનધારા-અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા આયોજીત કાર્યક્રમને સંબોધન કરતા વિભાગના અધ્યક્ષ-પ્રો. પી.એસ.પટેલ અને મુખ્ય મહેમાન પ્રો.તુષાર હાથી સાહેબ-કચ્છ યુનિ.



ગુજરાત યુનિ. દક્ષિણ ઝોન આંતર કોલેજ વેઈટ લીફટીંગ અને બેસ્ટ ફીઝીકમાં ભાગ લેતા વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ



વર્ષ : ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૧૪-૧૧-૨૦૦૯ ના રોજ વાલી મિટિંગમાં ઉપસ્થિત વાલીઓને સંબોધન કરવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરેનભાઈ શાહ તથા પ્રિ. ડૉ. વિમલ જોષી



તા. ૧૭-૧૧-૦૯ ના રોજ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા રૂપિયાપુરા ગામે કરેલ સર્વેક્ષણનું માર્ગદર્શન આપતા પ્રો. રજનીભાઈ વણકર અને કોલેજના અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ



તા.૨૪-૧૧-૦૯ ના રોજ ગુજરાત યુનિ. દક્ષિણ ઝોન આંતરિક કોલેજ વેઈટ લીફટીંગ બેસ્ટ ફીઝીક ભાઈઓ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરતા ડાબેથી પ્રો. એમ.કે.મંડોરા, નિવૃત્ત અધ્યાપકશ્રી યુ.એસ.સોલંકી, કોલેજના આચાર્યશ્રી ડૉ.વિમલ જોષી તેમજ કોમર્સ કોલેજના પ્રિ. મોદી સાહેબ




તા. ૨૭-૧૧-૦૯ ના રોજ સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત આયોજીત કલાધારા હેઠળ રંગોળી હરિફાઈમાં ભાગ લેનાર કોલેજની ભાઈઓ-બહેનો



તા. ૧-૧૨-૦૯ ના રોજ કોલેજના કેમેસ્ટ્રી વિભાગ આયોજીત વર્કશોપનું ઉદઘાટન કરતા ડાયેરી શ્રી આર.ડી.જયરાજ, પ્રો. વિજય શાહ, પ્રો. એમ.એન.દેસાઈ અને કોલેજના પ્રિ. વિમલ જોષી



તા. ૨૬ અને ૨૭-૧૧-૦૯ ના રોજ સ્વર્ણિમ ગુજરાત - રમતગમત ધારા આયોજીત જુડો બહેનો સ્પર્ધામાં ભાગ લેતી કોલેજની બહેનો



કૃષ્ણિબાપુરા ગામે એન.એસ.એસ.ની શિબિરની પુર્ણાહુતિ પ્રસંગે ઉપસ્થિત પેટલાદ તાલુકાના ધારાસભ્ય શ્રી નિરંજનભાઈ પટેલ તેમજ તાલુકા પ્રમુખ શ્રી ધુળાભાઈ સોલંકી, ગામના સરપંચશ્રી કિરીટભાઈ પટેલ તથા ગામના સભ્યો.



ગુજરાત યુનિવર્સીટી સાઉથ ઝોન આંતર કોલેજ બોક્સિંગ બહેનો ચેમ્પિયનશીપ વર્ષ : ૨૦૦૯-૧૦

ફોટોગ્રાફી : રાજુલ પરમાર

# GOOD BYE -2009, WEL COME-2010

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ કાવ્યો, તથા અન્ય કૃત્તિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યકત કરવા પ્રયત્ન કર્યો છે આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ____________________

From :-

આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬